1. “નૈતિક મૂલ્યોનું ધોરણ નીચું હોય તેવું વર્તન અસાધારણ છે.” આ વ્યાખ્યા કોણે આપી છે?
    1. સી. ટી. મોર્ગન
    2. **જે. સી. કોલમેન**
    3. વૉરેના
    4. જેમ્સ પેજ

2. આંતરરાષ્ટ્રીય સ્તરે માનસિક લક્ષણોનું વર્ગીકરણ કઈ સંસ્થા દ્વારા દર્શાવવામાં આવે છે?
    1. **WHO**
    2. UNO
    3. APA
    4. UNIS

3. DSM - Vનું વર્ગીકરણ કયા વર્ષે પ્રકાશિત થયું?
    1. ઈ. સ. 1952
    2. **ઈ. સ. 2013**
    3. ઈ. સ. 2000
    4. ઈ. સ. 1980

5. નીચેમાંથી કઈ મનોવિકૃતિ વારસાગત જોવા મળે છે?
    1. **છિન્ન મનોવિકૃતિ**
    2. સામાજિક ભય
    3. અનિવાર્ય વિચાર દબાણ - અનિવાર્ય ક્રિયા દબાણ
    4. વિકૃત ચિંતા

6. મસ્તિષ્ક વિકાર સાથે સંબંધિત મનોવિકૃતિ કઈ છે?
    1. ખુલ્લી જગ્યાનો ભય
    2. છિન્ન મનોવિકૃતિ
    3. સામાજિક ભય
    4. **અલઝાઈમર**

7. ‘હિમશીલા’નું ઉદાહરણ ક્યા ખ્યાલ સાથે સંબંધિત છે?
    1. સ્વપ્નાવસ્થા
    2. **ચેતન-અચેતન મન**
    3. બચાવપ્રયુક્તિ
    4. મનોજાતીય અવસ્થા

8. કયું ઉપતંત્ર 'સુખના સિદ્ધાંતને અનુસરે છે?

1. "સ્વ"
2. **નિમ્ન અહમ્**
3. ઉપરી અહમ્
4. અહમ્

9. અજ્ઞાત કે અભાનપણે અહમૂને ટકાવી રાખવાની પ્રયુક્તિને શું કહે છે?

1. **બચાવ પ્રયુક્તિ**
2. વ્યક્તિત્વ
3. સ્વપ્નાવસ્થા
4. દમન

10. કઈ મનોવિકૃતિમાં બાળક તેને કહેવામાં આવેલાં વાક્યોનું પુનઃ ઉચ્ચારણ અવારનવાર કરે છે?

1. ADHD
2. લખવાની વિકૃતિ
3. **ઑટિઝમ**
4. ડિસ્લેક્ષીયા

11. નિમ્ન આર્થિક સ્તરની વ્યક્તિમાં કઈ માનસિક વિકૃતિનું પ્રમાણ વધુ જોવા મળે છે?

1. મનોદૈહિક વિકૃતિઓ
2. હતાશા
3. અનિવાર્ય વિચાર દબાણ – અનિવાર્ય ક્રિયા દબાણ
4. **હિસ્ટેરિયા**

12. મનોવિશ્લેષણાત્મક પ્રતિમાન ક્યા મનોવૈજ્ઞાનિકની વિચારધારા પર આધારિત છે?

1. ઈવાન પેટ્રોવિચ
2. જે. સી. કોલમેન
3. **ડૉ. સિગમંડ ફ્રોઈડ**
4. જે. બી. વૉટ્સન

13. મનોજાતીય વિકાસમાં 2થી 3 વર્ષ સુધીની કઈ અવસ્થા હોય છે ?

1. સુષુપ્તાવસ્થા
2. **ગુદાવસ્થા**
3. મુખાવસ્થા
4. લિંગ અવસ્થા

14. ઉપરી અહમને ઠેસ પહોંચે તેવા કોઈ પણ કાર્ય કરતી વખતે ઉદ્ભવતી ચિંતાને કઈ ચિંતા કહે છે?

1. વાસ્તવિક ચિંતા
2. મનોવિક્ષિપ્ત ચિંતા
3. **નૈતિક ચિંતા**
4. આપેલ પૈકી એક પણ નહિ

15. કયા મનોવૈજ્ઞાનિકે વાર્તનિક પ્રતિમાન દર્શાવેલ છે?

1. ઈવાન પેટ્રોવિચ
2. **જે. બી. વૉટ્સન**
3. જે. સી. કોલમેન
4. ડૉ. સિમંડ ફ્રૉઇડ

16. કોના મત મુજબ સૌમ્ય મનોવિકૃતિઓનાં મૂળમાં પસંદગીયુક્ત ધ્યાનનું વિક્ષેપ જવાબદાર હોય છે?

1. ડૉ. સિમંડ ફ્રૉઇડ
2. જે. બી. વૉટ્સન
3. **ઈનગ્રામ**
4. જે. સી. કોલમેન

17. કઈ ચિંતાને 'મુક્ત રીતે તરતી ચિંતા' તરીકે ઓળખવામાં આવે છે?

1. **સામાન્યીકત વિકૃત ચિંતા**
2. અનિવાર્ય ક્રિયા દબાણ
3. અનિવાર્ય વિચાર દબાણ
4. વિકૃતભય

18. મુક્ત રીતે ર્ક્યા કરતી ચિંતા' બીજા કયા નામથી ઓળખાય છે?

1. વિકૃત ચિંતા
2. **સામાન્યીકૃત વિકૃત ચિંતા**
3. ક્રિયા દબાણ ચિંતા
4. આત્યંતિક ચિંતા

19. કેટલીક વ્યક્તિઓ જાહેરમાં પ્રવચન કરતી વખતે ભય અનુભવે આ ક્યા પ્રકારનો ભય છે?

1. **સામાજિક વિકૃતભય**
2. નૈસર્ગિક વિકૃતભય
3. પરિસ્થિતિજન્ય વિકૃતભય
4. ખુલ્લી જગ્યાનો ભય

20. રેલવે, ટ્રેન, ઍરોપ્લેન વગેરેના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે?

1. પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય
2. પર્યાવરણ સંબંધિત ભય
3. **પરિસ્થિતિજન્ય વિકૃતભય**
4. ઈજા સંબંધી ભય

21. વાવાઝોડાં, પાણી, ઊંચી જગ્યાના ભયનો સમાવેશ ક્યા પ્રકારના ભયમાં થાય છે?

1. **નૈસર્ગિક પર્યાવરણ સાથે સંબંધિત વિકૃતભય**
2. પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય
3. ઈજા સંબંધી ભય
4. પરિસ્થિતિજન્ય વિકૃતભય

22. કૂતરા, સાપ, જીવજંતુ વગેરેના ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે?

1. પરિસ્થિતિજન્ય વિકૃતભય
2. **પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય**
3. ઈજા સંબંધી ભય
4. પર્યાવરણ સંબંધિત ભય

23. લોહી જોવાના પ્રસંગે ઊભા થતા ભયનો સમાવેશ કયા પ્રકારના ભયમાં થાય છે?

1. **ઈજા સંબંધી ભય**
2. પ્રાણીઓ સાથે સંકળાયેલા ભય
3. પરિસ્થિતિજન્ય વિકૃતભય
4. પર્યાવરણ સંબંધિત ભય

24. કેટલીક વ્યક્તિઓ ટ્રાફિક જોઈને હેબતાઈ જાય છે.'' આ કયા પ્રકારનો ભય છે?

1. **ખુલ્લી જગ્યાનો** ભય
2. નૈસર્ગિક વિકૃતભય
3. સામાજિક વિકૃતભય
4. પરિસ્થિતિજન્ય વિકૃતભય

25. ખૂબ જ પ્રિય વ્યક્તિની હત્યા કરી નાખવાના આવતા વિચારો કઈ વિકૃતિ કહેવાય?

1. **<u>અનિવાર્ય વિચાર દબાણ વિકૃતિ</u>**
2. મનોદશાની વિકૃતિ
3. ક્રયા દબાણ વિકૃતિ
4. પરિસ્થિતિજન્ય વિકૃતિ

26. વારંવાર હાથ ધોયા કરવાના આવતા વિચારો કઈ વિકૃતિ ગણાય?

1. ખિન્નતાસંબંધી વિકૃતિ
2. **<u>અનિવાર્ય ક્રિયા દબાણ વિકૃતિ</u>**
3. મનોદશાની વિકૃતિ।
4. પરિસ્થિતિજન્ય વિકૃતિ